બાયડમાં ચોરીનો સીલસીલો યથાવત : પોલીસ નિષ્ક્રિય

બાયડની નક્ષત્ર મોબાઈલ નામની દુકાનમાં દિવાલમાં બાકોરૂં પાડી ચોરી કરનાર પ્રકાશભાઈ બાબુભાઈ બાયડ હેર વિસ્તારનો રહેવાસી

બાયડ, તા. ૬

બાયડ શહેરમાં દિનપ્રતિદિન ચોરીની સંખ્યામાં વધારો થતો જાય છે. દિવસે ને દિવસે બાયડ શહેરમાં બનતા તસ્કરીના બનાવોએ બાયડ પોલીસની ઉંઘ હરામ કરી નાખી છે. ત્યારે ટુંકા સમય ગાળામાં એક સાથે આટલી બધી હાઈવે ટચ દુકાનોમાં તસ્કરી થતાં બાયડ પોલીસની કામગીરી સામે પ્રશ્નાર્થ ઉભો થવા પામ્યો છે.

થોડાક દિવસો પહેલા બાયડમાં આવેલ શ્યામ એવન્યુ નામના કોમ્પલેકસમાં આવેલ પાંચ દુકાનોને તસ્કરોએ નિશાન બનાવી હતી. ત્યાર બાદ બાયડના મેઈન રોડ ઉપર આવેલ બે સોનીની દુકાન અને એક મેડીકલની દુકાનમાં ચોરીના બનાવની શાહી સુકાઈ નથી ત્યાં ગઈકાલે રાત્રે ૯ વાગ્યાના સુમારે બાયડના મેઈનબજારમાં માર્કેટયાર્ડના સામે મેડા ઉપર આવેલી નક્ષત્ર મોબાઈલ નામની દુકાનમાં

દિવાલમાં બાકોરૂ પાડી તસ્કરીને ફકત એક જ ૨૦ વર્ષીય યુવાને અંજામ આપતા સનસનાટી મચી ગઈ છે. જેને લઈને બાયડ પોલીસ પ્રત્યે લોકોમાં રોષ ભભુકી ઉઠયો છે ત્યારે દિન પ્રતીદિન બાયડ શહેરમાં વધતા ચોરીના બનાવોને લઈને બાયડનો વહેપારી આલમ પોતાના ધંધા રોજગારની સુરક્ષાને લઈને ચિંતામાં મુકાઈ ગયો છે.

નરાશ અને હથોડી વડે બાકોરુ પડાયુ

બાયડની નક્ષત્ર મોબાઈલ નામની દુકાનમાં ગઈકાલે રાત્રે દિવાલમાં બાકોરૂ પાડવા માટે આ લબરમુંછીયા ચોર દ્વારા મોટી નરાશ અને હથોડી ઉપયોગમાં લેવામાં આવી હતી

જયારે બાયડ શહેરમાં ખાડે ગયેલા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે બાયડના વહેપારી આલમ જીલ્લા પોલીસવડાને ટુંક સમયમાં જ આવેદન પત્ર આપવાનું હોવાનુ લોકમુખે ચર્ચાઈ રહયુ છે. જયારે થોડાક દિવસો પહેલા જ મોડાસા સી.પી.આઈ.એ બાયડની મોબાઈલની દુકાનમાં ચોરી કરનાર ગેંગને મેઘરજમાં આ ચોરીના મોબાઈલ વેચવા જતાં ઝડપાઈ ગયા હતા ત્યારે ફરીથી આજે તસ્કરે મોબાઈલની દુકાનમાં તસ્કરી કરતાં આ ગેંગ મોબાઈલ પ્રિય ગેંગ હોવાનુ લાગી રહયુ છે.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર બાયડના માર્કેટયાર્ડની સામેના મેડા ઉપર આવેલ નક્ષત્ર મોબાઈલ નામની દુકાનમાં ગઈરાત્રે ૯ વાગ્યાના સુમારે બાજુ માં આવેલ દુકાનના ધાબા ઉપર ચડી દિવાલમાં બાકોરુ પાડી દુકાનની અંદર અડધો કલાક સુધી ચોરીને અંજામ આપ્યો

હતો. પરુતુ આ અરસામાં દુકાન માલિક હિરેન વૈધ કોઈ કામ અર્થે દુકાને આવેલ ત્યારે નીચે આવેલી દુકાનના માલીકે જણાવ્યુ હતુ કે ઉપરથી કંઈક તુટવાનો અવાજ આવી રહયો છે, તો તરત જ દુકાન માલીક ઉપર જઈ બાજુમાં આવેલ ધાબા ઉપર તપાસ કરતાં દિવાલમાં બાકોરુ જોઈ ચોકી ઉઠયા હતાં અને નીચે જઈ બીજાને જાણ કરતાં એ અરસામાં આ ચોર ભાગી છુટવામાં સફળ રહયો હતો ત્યારે દુકાન માલીકે પોતાની દુકાનમાં લગાવેલ સેફટી ઉપકરણ સી.સી.ટીવી કેમેરામાં આ ચોર આબાદ રીતે ઝડપાઈ ગયો હતો. જયારે આ સી.સી.ટીવી કેમેરાની ફુટેજને રાત્રે બાયડ પી.એસ.આઈ.એ નિહાળી હતી અને આ ફુટેજના અધારે ચોરને શોધવાના પ્રયત્નો હાથ ધર્યા હતા. ત્યારે દુકાનમાંથી મેમરી કાર્ડ બ્લ્યુ ટૂથ અને એક મોબાઈલ ચોરવામાં આ ચોર સફળ રહયો અને કુલ ૧૧૦૦૦ રૂપિયાની મત્તાની ચોરી કરી હતી, તો ત્યારે બાયડ પોલીસે હિરેન વૈધની ફરીયાદના આધારે ફરીયાદ નોધી ચોરને શોધવાના ચકો ગતિમાન કર્યા હતા.

સીસી ટીવી કેમેરામાં ચોરી કેદ

બાયડની નક્ષત્ર મોબાઈલ નામની દુકાનમાં ગઈકાલે રાત્રે દિવાલમાં બાકોરૂ પાડી કઈ રીતે ચોરીને અંજામ આપ્યો અને દુકાનમાં પ્રવેશ્યા પછી અડધા કલાક સુધી આ લબરમુંછીયા ચોરે શું પ્રકીયા કરી તેનું લાઈવ શુટીગ દુકાનમાં લગાવેલ કેમેરામાં ઝડપાઈ ગયું હતું. આ ચોરે લવંડર કલરનુ ટી-શર્ટ અને જીન્સનું પેન્ટ પહેર્યું હતું. જયારે તેનો અડધો ચહેરો પણ સ્પષ્ટ દેખાઈ રહ્યો હતો.

ચોર જાણભેદુ હોવાનુ તારણ : પીએસઆઈ

બાયડ ની નક્ષત્ર મોબાઈલ નામની દુકાનમાં ગઈકાલે રાત્રે દિવાલ માં બાકોરૂ પાડી જે રીતે ચોરી ને અુજામ આપ્યો છે તે ઉપરથી જોતા એવુ લાગે છેકે દિવાલ ૧૪ ઈંચ ની હોવાથી આ એક જ દિવસ માં તુટે શકે તેમ નથી આ દિવાલ તોડવાનુ કામ એક.બે.દિવસ થી અંજામ આપાઈ રહયા હોવાનુ જણાઈ રહયુછે જયારે આ સમગ્ર ઘટનામાં જાણભેદુ હોવાનુ અનુમાન બાયડ પોલીસ લગાવી રહી છે.

ચોર દુકાન માલિકની આંખો આગળથી ભાગ્યો

બાયડ ની નક્ષત્ર મોબાઈલ નામની દુકાનમાં ગઈકાલે રાત્રે જે ચોરે અુજામ આપ્યો તે ચોરે લવંડર કલર ની ટી શર્ટ અને જીન્સ પેન્ટ પહેરયો હતો દુકાનના માલિકે આ ચોર પ્રત્યે શંકા જતાં તેને પેટ્રોલ પંપ આગળ ઉભો રાખી પુછપરછ કરતાં ચોર ભાગી છુટવામાં સફળ રહયો હતો આચોર યમુના કુજ સાસયટી માં થઈ બાયડ એસ.ટી.ડેપો માં થઈ શ્રીજી કોમ્પલેકસ માં અંધરા નો લાભ લઈ ભાગી છુટવામાં સફળ રહયો હતો

પાલનપુરમાં સોનાના દોરા ખેંચાવાના વધતા બનાવો

ગાંધીનગર, તા. ૬

પાલનપુરમાં ગુનાખોરીનો ગ્રાફ સતત વધી રહ્યો છે. આજે ધોળે દહાડે શહેરના ગઠામણ દરવાજા વિસ્તારમાં ચાલતી જઈ રહેલ એક મહિલાના ગળામાં સોનાના દોરો ખેચાયો હતો. બે અજાણ્યા બાઈક ચાલકોએ ગળામાં પહેરેલા ત્રણ તોલાનો સોનાનો દોરો ખેચાવા પામતાં આ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામેલ છે.

ભરબજારમાં અચાનક દોરો ખેચાવાથી મહિલા ગભરાઈ બૂમો પાડી રહીને બાઈક ચાલકો ફરાર થઈ ગયેલ હતા. મહિલાના પરિવાર જનોએ આ અંગે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. જેની તપાસ નવા વરાયેલા પો.સ.ઈ. ડી. કે. ભોઈની સમગ્ર ઘટનાની ઊંડી તપાસ હાથ ધરેલ છે.

વિશેષમાં આબુ હાઈવે પરના દેવભૂમિ સોસાયટીમાં રહેતા લાલજીભાઈ પરથીભાઈ ઝુંડાલના પત્નિ લિનાબેન તેમની નાની દિકરીને દવાખાને બતાવીને પરત ફરી રહેલ હતા ત્યારે બે અજાણ્યા બાઈક ચાલકોએ રૂા. ૪૫૦૦૦/-નો સોનાના દોરો ખેચેલ હતો. જેની પોલીસ સઘન તપાસ હાથ ધરી છે.

ડીસામાં દવાખાનામાં તોડફોડ અને મહિલા કર્મીને માર મારતાં ત્રણ સામે ફરિયાદ

પિતા અને બે પુત્રો સામે એટ્રોસિટીની ફરિયાદ

ડીસા, તા. ૬

ડીસા શહેરમાં આવેલ પ્રાઈવેટ હોસ્પિટલમા તોડફોડ કરી એક મહિલા કર્મચારીને લાફો ઝીંકી જાતિ વિરૂદ્ધ અપમાનિત શબ્દો બોલવાના આરોપસર ડીસા રાજપુરના પિતા અને બે પુત્રો સામે એટ્રોસિટી સહિતની કલમો સાથે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર ડીસાના સઘવીનગર ખાતે રહેતા મોતીબેન ભેમાભાઈ ભંગી શહેરની આનંદ હોસ્પિટલમાં છેલ્લા ઘણા સમયથી સ્વીપર તરીકે ફરજ બજાવે છે. ગત તા. ૩ના રોજ મોતીબેન દવાખાના પર હાજર હતા ત્યારે આરોપી તેમના સગાને લઈ સારવાર અર્થે દવાખાનામાં આવ્યા હતા. દરમિયાન મોતીબેને જણાવ્યું હતું કે આ મારામારીનો કેસ હોવાથી દર્દીને ગાડીમાં રાખો હું ડૉક્ટરને બોલાવી લાવું.

તેમ કહેતા મનુભાઈ મંછાભાઈ માળી, પ્રશાંત મનુભાઈ માળી અને સંજય મનુભાઈ માળી ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો બોલી જાતિ અપમાનિત શબ્દો ઉચ્ચારી ધમકી આપી હતી તેમજ લાકડી મારી દવાખાનાના કમ્પ્યૂટર તથા ટેલીફોન જમીન પર પછાડી તોડી નાખી નુકશાન પહોંચાડ્યું હતું. આ બાબતે મોતીબેન ભંગીએ ડીસા શહેર પોલીસ મથકમાં ફરિયાદ આપતા ડીસા પોલીસે એટ્રોસિટી એક્ટ સહિત અનેક કલમ મુજબ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

પિતાએ પુત્રની છરીના ઘા ઝીંકી હત્યા કરી

હિંમતનગર, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના બાલેરા ગામે ગત ગુરુવારે સવારે ઘઉંના વેચાણ બાબતે પિતા-પુત્ર વચ્ચે થયેલી તકરારમાં પિતાએ પુત્રની પીઠમાં છરીના ઘા ઝીંકી હત્યા કરી નાખતા સમગ્ર ગામમાં સનસનાટી મચી જવા પામી હતી. મૃતકની દાદીએ જ પોતાના પુત્ર વિરુધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી હત્યારા પિતાને પકડી જેલના સળીયા પાછળ ધકેલી દીધો હતો.

વિજયનગર તાલુકાના બાલેરા ગામના વચલા ફળિયામાં રહેતા પ્રભુભાઈ કડવાભાઈ ગામેતી એ ગત ગુરુવારે સવારે ૮.૩૦ કલાકે તેમના ૨૦ વર્ષીય પુત્ર નરેશભાઈ પ્રભુભાઈ ગામેતીને ઘઉંના વેચાણ બાબત કહેતા પિતા-પુત્ર વચ્ચે બોલાચાલી થઈ હતી. બાદ થોડા સમય પછી નરેશ પોતાના ઘરની આગળ બેસી દાતણ કરતો હતો ત્યારે અચાનક જ પિતા પ્રભુભાઈ ગામેતીએ પુત્ર નરેશની પીઠ અને છાતીના ભાગે છરીના ઘા ઝીંકી દીધા હતા જેથી ઘરના તમામ સભ્યો આ ઘટના જોઈ હક-બકથી ગયા હતા અને થોડા સમય પછી તાત્કાલિક સારવાર અર્થે નરેશને રેફરલ હોસ્પિટલ લઈ જતા હતા દરમિયાન રસ્તામાં જ ઘાયલ નરેશનું કરૂણ મોત નિપજયું હતું. આ બનાવ અંગે મૃતક નરેશભાઈ ગામેતીના દાદી હોમીબેન કડવાભાઈ ગામેતીએ પોતાના જ પુત્ર પ્રભુભાઈ ગામેતી વિરુધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે હત્યાનો ગુનો નોંધી હત્યારા પિતાને પકડી જેલના સળીયા પાછળ ધકેલી દીધો હતો.

હિંમતનગર શહેરમાં જાહેર શાંતિ સલામતી અને કાયદા વ્યવસ્થાનું ઉલ્લંઘન

હિંમતનગર, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પાટનગર હિંમતનગર શહેરમાં છેલ્લા કેટલાય સમયથી વાહન ઉઠાંતરી, ઘરફોડ ચોરી, ચીલ ઝડપ, જાહેરમાં લૂટ, ઠગાઈના કેસો મોટી સંખ્યામાં બનવા પામેલ છે.

હિંમતનગર શહેરમાં થોડાક દિવસો અગાઉ કવિશ્રી ઉમાશંકર જોષી બ્રીજ નીચે એક બિન વારસી કાર ઘાતક હથિયારો સાથે પોલીસે કબજે કરેલ જેની હજી શાહી પણ સુકાઈ નથી ત્યારે તંત્ર દ્વારા હિંમતનગર શહેરમાં જાહેરમાં ટ્રાફીકને અડચણ રૂપ થાય તે રીતે પર -ાંતિયોને રસના કોલા, જુસ સેન્ટરો, તડબુચના ટેન્ટો વગેરે ખોલવાના પરવાના આપવામાં આવ્યા છે. આ સેન્ટરોના માલિકો તથા તેના પર કામ કરતા મજૂરો પર -ાંતિયો છે. આ તમામ લોકો શહેરના જુદા-જુદા વિસ્તારોમાં મકાનો ભાડે રાખી રહે છે. ઉચા ભાડાની લ્હાયમાં મકાન માલિકો પણ તેમને ભાડે આપી દે છે. આ પર -ાંતિઓના વતનના રહેણાંક અંગેના કોઈ પણ પુરાવા પોલીસ પાસે નથી તથા મકાન માલિકોઓ પણ તેમના ભાડુઆતોની વિગત પોલીસને આપેલ નથી જિલ્લાના દુર-દુર તાલુકા મથકો અને ગામડાઓમાંથી હિંમતનગર શહેરમાં ખરીદી અર્થે આવતો ગરીબ-મધ્યમ વર્ગ તથા ખેડુતો સાથે રોજ-બરોજ ઠગાઈના કિસ્સાઓ -કાશમાં આવે છે. સ્થાનિક પોલીસ,લોકલ ક્રામઈમ બ્રાંચ તથા એસોજીની ટીમો નાઈટ પટ્રોલીગના નામે નાટક ભજવી રહી છે. કહેવાતી આ નાઈટ પટ્રોલીગમાં અર્ધ પાગલ ભિખારીઓ તથા નિર્દોશ માણસોને અટક કરી સંતોષ માની રહી છે. એમ જયારે જિલ્લા મેજીસ્ટ્રેશ્રીના જાહેરનામાંનો ખુલ્લે આમ ભંગ થતો હોય તો આમ જનતા સલામતી અને શાંન્તિ માટે કોના પર વિશ્વાસ રાખશે. જેથી જિલ્લાની -જામાં આ અંગેની લાગતા -વળગતા વિભાગો દ્વારા તપાસ થઈ આ તત્વો નેશ્ત નાબુદ થાય તેવી માંગ ઉઠી છે.

હિંમતનગરમાં સુવર્ણકાર સંઘ દ્વારા રકતદાન શિબિર યોજાઈ

સાબરકાંઠા જિલ્લા સુવર્ણકાર સંઘ દ્વારા હિંમતનગર શહેરના ડૉ. નલીનકાંત ગાંધી ટાઉનહોલમાં રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઈડર, વડાલી, પ્રાંતિજ, મોડાસા અને હિંમતનગર સહિત સાત તાલુકાઓના સુવર્ણકારોએ ઉપસ્થિત રહી ૧૨૫થી વધુ બોટલ રકતદાન કર્યું હતું. છેલ્લા ૨૧ દિવસથી સુવર્ણકારોએ એકસાઈઝના વિરોધમાં દુકાન બંધ રાખી વિરોધ નોંધાવ્યો હતો તે દરમિયાન વિવિધ કાર્યક્રમો કરવામાં આવેલ અને તેના ભાગ રૂપે સુવર્ણકારોએ આ રકતદાન શિબિરનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમને અંબાલાલ સોની, પરેશભાઈ સોની, દિનેશ સોની સહિત અનેક અગ્રણીઓએ હાજર રહી સફળ બનાવ્યો હતો.

પ્રાંતિજમાં હનુમાન જયંતિની ધામધૂમ પૂર્વક ઉજવણી

પ્રાંતિજ તાલુકામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ હનુમાન જયંતિની ઠેર ઠેર ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી અને ભકતોએ પૂજા, અર્ચના તથા દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. હનુમાન જયંતિના પાવન પર્વે પ્રાંતિજના રાસલોડ મંદિર સહિત અનેક મંદિરોમાં સવારથી જ ભકતોનો ધસારો રહ્યો હતો અને સવારથી જ હનુમાનજીને રીઝવવા માટે ભકતો દ્વારા સિંદુર, તેલ, આકડાના ફુલ સહિતની વસ્તુઓ ચઢાવવામાં આવી હતી.

એ પી એલ કાર્ડ ઉપર ૧૫ કિલો ઘઉં આપવાની જાહેરાત, અપાય છે માત્ર પાંચ કિલો

બારકોડેડ રેશનકાર્ડની યોજના ફલોપ..!

હિંમતનગર, તા. ૬

ગુજરાત સરકાર દ્વારા ગરીબોને જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ઘઉં, ચોખા, ખાંડ અને કેરોસીન ધારા ધોરણ મુજબ મળી રહે તે માટે મોટી મોટી વાતો અને જાહેરાતો થાય છે. પરંતુ વાસ્તવિકતા કંઈક જુદી જ છે. સરકાર દર માસે કયાં રેશનીંગ કાર્ડ ઉપર કેટલો જથ્થો મળશે તેની જાહેરાતો અખબારો દ્વારા કરે છે. પરંતુ તે મુજબ જથ્થો ફાળવવામાં આવતો નથી. એ.પી.એલ. કાર્ડ ઉપર ૧૫ કિલો ઘઉં આપવાની જાહેરાત સામે માત્ર પાંચ કિલો ઘઉં,ની ઓનલાઈન ફાણવણી છેલ્લા બે માસથી થતા ગરીબો અનાજ વગર ટળવળી રહ્યાં છે.

સરકારના ગોડાઉનોમાં લાખો ટન ઘઉં સડી રહ્યા છે.સર્વોચ્ચ અદાલતે પણ ગોડાઉનોમાં ઘઉં બગડી રહ્યા છે તેના કરતા ગરીબોને આપવા માટે સુચન કર્યું હતું. કેન્દ્ર સરકાર દ્વારા એ.પી.એલ. કાર્ડધારકને વ્યક્તિ દિઠ ૨.૫૦૦ ગ્રામ અને કાર્ડ દીઠ ૧૫ કિલો ગ્રામ ઘઉં ફાળવવામાં આવે છે. પરંતુ ગુજરાત દ્વારા છેલ્લા બે માસથી સમગ્ર રાજ્યમાં એ.પી.એલ. કાર્ડ ઉપર ૧૫ કિલોની જગ્યાએ માત્ર પાંચ કિલો ઘઉંની ઓનલાઈન ફાળવણી કરવામાં આવે છે. દરમાસે રાજ્ય પુરવઠા વિભાગ દ્વારા અખબારોમાં કાર્ડ ધારકને મળવા પાત્ર જથ્થાની જાહેરાત કરવામાં આવે છે. પરંતુ તે મુજબ જથ્થો આપવામાં આવતો નથી.

જાહેર વિતરણ વ્યવસ્થાને સુંદર બનાવવા સરકાર દ્વારા બારકોડેડ રેશનકાર્ડ અમલમાં મુકવામાં આવ્યા છે. ત્યારે બારકોડેડ રેશનકાર્ડ પ્રથા કાર્ડધારકો માટે માથાના દુખાવા સમાન સાબીત થઈ રહી છે. છતાં પણ સરકાર આ યોજનાનો પીછો છોડવા તૈયાર નથી.

સૌનો સાથ — જાહેર નિવિદા — સૌનો વિકાસ

મકાન ભાડે લેવા અંગે

વિકસતી જાતિ કલ્યાણ ખાતુ ગુજરાત રાજ્ય, ગાંધીનગર દિદ્રા સરકારી કુમાર છાત્રાલય મુ. કલોલ, જી. ગાંધીનગર ખાતે કાર્યરત છે. જેની માન્ય સંખ્યા-૪૦ છે. માન્ય સંખ્યાને ધ્યાને લઈ ૮ રૂમ ઉપરાંત રસોડું, કોઠારરૂમ, ભોજનાલય, કર્મચારી માટે (ઓફીસ અને સ્ટોર રૂમ), ૫ સંડાસ અને ૫ બાથરૂમની અદ્યતન સુવિધા ધરાવતું હવા ઉજાસવાળું મકાન ભાડે રાખવાનું થાય છે. આથી રસ ધરાવતા સંસ્થા / મકાન માલિકે નીચેના સરનામે મકાનના નકશા અને અપેક્ષિત ભાડાની રકમ સાથે દિન-૮માં મળી જાય તે રીતે દરખાસ્ત મોકલી આપવાની રહેશે. મકાન ભાડે રાખવા બાબતે આખરી નિર્ણય નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગાંધીનગરનો રહેશે.

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૨-૪-૨૦૧૨

(ડી. એમ. ત્રિવેદી)
જિલ્લા નાયબ નિયામક
વિકસતી જાતિ, ગાંધીનગર

સરનામું :
જિલ્લા નાયબ નિયામક, વિકસતી જાતિ, ગાંધીનગર
બી-બ્લોક, સાતમો માળ, બહુમાળી ભવન, સેક્ટર-૧૧,
ગાંધીનગર. ફોન નં. : ૦૭૯-૨૩૨૪૧૯૮૦
માહિતી/૨૭/૧૨-૧૩

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૬૨૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર
મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર સમાચાર
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com ● gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

સાબરકાંઠા જિલ્લામાં

મગનજી વણઝારા	(બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર)	૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮૪૪૭૧૬
સમીર બલોચ	સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર	૯૯૨૪૩૩૩૩૪૩
અહેમદઉલ્લા શેખ	મોડાસા	૯૯૧૩૫૮૭૧૪૫
દશરથ વણઝારા	તલોદ	૯૬૩૮૧૮૮૭૯૬
જનક રાવલ	વડાલી	૯૯૨૫૭૯૯૭૦૩
કાળુસિંહ રાઠોડ	સલાલ	૯૪૨૭૯૦૯૦૩૧
પ્રવિણભાઈ સોની	મેઘરજ	૯૪૨૮૫૫૪૯૫૪
જીતેન્દ્ર એલ. પટેલ	ધનસુરા	૯૪૨૭૩૬૮૫૦૩
પ્રકાશ ગઢવી	ઈડર	૯૪૨૯૪૫૭૬૧૭
રમેશભાઈ વૈષ્ણવ	ખેડબ્રહ્મા	૯૪૨૬૨૫૯૩૬૦
જયદેવભાઈ બારોટ	ખેડબ્રહ્મા	૯૪૨૮૮૩૦૩૩૮
સંજય રાવલ	પ્રાંતિજ	૯૮૨૫૮૩૮૫૬૯
કોદરસિંહ રાઠોડ	તાજપુર કેમ્પ	૯૯૯૮૮૨૮૧૯૩

મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં

મહેશભાઈ બારોટ	મહેસાણા/ઊંઝા	૯૯૭૯૪૦૨૫૩૩
ગણપતભાઈ જોષી	પાલનપુર	૯૩૭૫૦૭૬૦૬૧
હરેશ જોષી	પાલનપુર	૯૩૨૮૩૧૧૫૭૫
કાંતિલાલ લોધા	ડીસા	૯૮૭૯૦૧૦૦૪૭
જેણુભા વાઘેલા	પાટણ	૯૮૯૮૨૧૦૪૩૬